# શું રુદ્ર બ્રિગેડ ભારતીય લશ્કર માટે ‘બ્રહ્માસ્ત્ર’ પુરવાર થશે?



**ભારતીય લશ્કરનું આ ગ્રુપ ઇમરજન્સી અને સ્પેશ્યલ રિસ્પોન્સ ગ્રુપ છે. આ ગ્રુપના અન્ય બે હિસ્સામાં શક્તિ અને દિવ્યાસ્ત્રનો સમાવેશ થાય છે. આ ખુદ રુદ્ર તેમ જ ભૈરવ, શક્તિબાણ અને દિવ્યાસ્ત્રને ટૂંકમાં સમજીએ**

આવતીકાલે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬. ભારતનો ૭૭મો પ્રજાસત્તાક દિન. સત્તાવાર રીતે વિશ્વનું સૌથી મોટું લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર નામે ભારત વર્તમાન સ્વરૂપે તેના અવતરણના ૭૬ વર્ષ પૂરાં કરીને ૭૭મા વર્ષમાં પ્રવેશ કરશે. આ પ્રજાસત્તાક દિન ઘણી બધી રીતે વિશિષ્ટ છે. આમ તો આપણા બધા જ પ્રજાસત્તાક દિનની ઉજવણી વિશિષ્ટ રહી છે. એ જ રીતે આ વખતના પ્રજાસત્તાક દિનની ઉજવણીને વિશિષ્ટ બનાવતા ૪ મુદ્દા છે: સૌથી પહેલો મુદ્દો દર વર્ષે જેમને આમંત્રણ અપાતું હોય છે એવા વિદેશી મહેમાન અંગેનો છે. દર વખતે જગતના કોઈ ને કોઈ દેશના વડાને મુખ્ય મહેમાન

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

તરીકે બોલાવાય છે. પરંતુ આ વખતે પહેલીવાર યુરોપિયન યુનિયનના પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. બીજી બાબત એ છે કે આ વખતે પહેલીવાર આપણા લશ્કરમાં કાર્યરત પ્રાણીઓ પણ પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લેશે. ત્રીજી બાબત એ છે કે CRPFનાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સિમરન બાલા ૨૦૨૬ની રિપબ્લિક ડે પરેડ દરમ્યાન ૧૪૦થી વધુ જવાનોનું ઓલ મેઈલ કન્ટિન્જન્ટ લીડ કરવાનાં છે. ચોથો મુદ્દો એ છે કે આ વખતની પરેડ દરમ્યાન ભૈરવ લાઈટ કમાન્ડો યુનિટની એક ઝલક પહેલી વાર જાહેરમાં દર્શાવવામાં આવનાર છે. આ ભૈરવ લાઈટ કમાન્ડો યુનિટ એ ભારતીય લશ્કરના આયર્ન ફિસ્ટ કહેવાતા રુદ્ર ઈન્ટિગ્રેટેડ બેટલ ગ્રુપ (Integrated Battle Group-IBG)નો એક હિસ્સો છે. ભારતીય લશ્કરનું આ ગ્રુપ ઈમરજન્સી અને સ્પેશિયલ રિસ્પોન્સ ગ્રુપ છે. આ ગ્રુપના અન્ય બે હિસ્સામાં શક્તિ અને દિવ્યાસ્ત્રનો સમાવેશ થાય છે. આ ખુદ રુદ્ર તેમજ ભૈરવ, શક્તિબાણ અને દિવ્યાસ્ત્રને ટૂંકમાં સમજીએ. એ સાથે જ યુરોપિયન યુનિયનના પ્રતિનિધિઓને મુખ્ય મહેમાન તરીકેના અપાયેલા આમંત્રણના આજના બદલાયેલા સમય અને બદલાયેલા વૈશ્વિક સમીકરણોના માહોલમાંના સૂચિતાર્થો પણ સમજીએ. ભારતના અમેરિકા સાથેના બદલાયેલા રાજદ્વારી અને આર્થિક તેમજ વ્યાપારી સમીકરણોના કારણે ભારત હવે ખાસ કરીને એક મજબૂત આર્થિક અને વ્યાપારી વિકલ્પ તરીકે યુરોપ તરફ નજર દોડાવે એ સ્વાભાવિક છે. આ દૃષ્ટિએ યુરોપને જોતાં તેમાં યુરોપિયન યુનિયનની ભૂમિકા પણ સ્વાભાવિક રીતે જ મહત્ત્વની બની રહે, એ સંજોગોમાં આ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભારતે યુરોપિયન યુનિયનના પ્રતિનિધિઓને આપેલું આમંત્રણ એ યુરોપ અને યુરોપિયન સાથેના સંબંધો વધુ મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વનું પગલું ગણી શકાય.

સૌ પ્રથમ રુદ્ર ઈન્ટિગ્રેટેડ બેટલ ગ્રુપ(Integrated Battle Group-IBG)ની વાત ટૂંકમાં કરીએ તો ભારતીય લશ્કરનું આ નાનું પણ સર્વાંગી લશ્કર છે. આવું એટલા માટે કહી શકાય કે આ ગ્રુપને સામાન્ય રીતે આપાતકાલીન પરિસ્થિતિમાં જ લશ્કરી મિશન સોંપાતું હોય છે અને ત્યારે તેને લશ્કરના અન્ય વિભાગો પર આધાર રાખવો પડતો નથી કારણ કે તે ઝડપથી કાર્યવાહી કરી શકે તે માટેનું આખું સંયોજિત તંત્ર આ ગ્રુપમાં જ મોજૂદ હોય છે. એટલે જ તેને ભારતીય લશ્કરના હિસ્સારૂપે જ રચાયેલું નાનકડું લશ્કર કહેવામાં આવે છે. પરંપરાગત એકાંગી રીતે સજ્જ કોઈ લશ્કરી ટૂકડીની તુલનામાં આ એક સર્વાંગી લશ્કરી જૂથ છે અને એટલે લશ્કરી કાર્યવાહી દરમ્યાન આત્મનિર્ભર રહીને કામ કરી શકે છે.

આપણા મીની લશ્કર જેવા આ જૂથમાં ઈન્ફન્ટ્રી અને મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી, ટી-૯૦ અને ટી-૭૨ ટેન્કો સાથેની ટેન્ક (આર્મર્ડ-બખતરિયા) રેજિમેન્ટ, એર ડિફેન્સ, એન્જિનિયર્સ અને અન્ય જરૂરી તમામ વસ્તુઓના પૂરતા પુરવઠા અને વિતરણની કાર્યક્ષમ વ્યવસ્થા સાથેના મિનિ લોજિસ્ટિક્સ વિભાગનો પણ સમાવેશ થાય છે.

૨૦૨૫ના કારગિલ વિજય દિવસ નિમિત્તે આ જૂથની રચનાની સત્તાવાર જાહેરાત થઈ તેને વ્યૂહાત્મક રીતે સમજવા જેવી છે. આ સંદર્ભે મુખ્યત્વે બે બાબતો નોંધપાત્ર છે. એક, ખાસ કરીને વર્તમાન સમયમાં આ પ્રકારના જૂથની રચનાની જરૂર કેમ પડી?

એનાં બે કારણો છે: ૨૦૨૫ના ઓપરેશન સિંદુરમાં આપણે સરહદપારના આતંકવાદને મરણતોલ ફટકો તો માર્યો જ પણ એમાં બંને પક્ષો તરફથી જે લશ્કરી વ્યૂહરચના અપનાવાઈ તેમજ જે ઝડપથી આખી કાર્યવાહી પાર પાડવાની જરૂરિયાત ઊભી થઈ તે બાબત સમય જતાં આવા સંયુક્ત લશ્કરી જૂથની રચના માટેનું નિમિત્ત બની અને બે, હાલના સમયમાં ખાસ કરીને ચીન તરફથી ઊભો થઈ રહેલો પડકાર પણ પરોક્ષ રીતે આ જૂથની રચનામાં નિમિત્ત બન્યો છે.

આ અંગે બીજી નોંધપાત્ર બાબત એ છે કે અત્યાર સુધી ખાસ કરીને લશ્કરી કાર્યવાહી તેમ જ અન્ય લશ્કરી બાબતોમાં કોલ્ડ સ્ટાર્ટ એ ભારતનો મૂળભૂત અભિગમ રહ્યો છે. હવે આ જૂથની રચના એ કોલ્ડ સ્ટ્રાઈકના નવા મૂળભૂત અભિગમનો આરંભ ગણી શકાય તેમ છે. આ રીતે આપણી લશ્કરી વ્યૂહરચનામાં આવેલું આ એક મહત્ત્વનું પરિવર્તન છે. •

### ભૈરવ લાઇટ કમાન્ડો બટાલિયન્સ

ભૈરવ લાઇટ કમાન્ડો બટાલિયન્સની ભૂમિકા માત્ર પેરા SF જેવી નથી બલકે આ એવું કમાન્ડો યુનિટ છે જે તેની ઝડપી, સચોટ અને આક્રમક કાર્યવાહી થકી દુશ્મન માટે જાણે વાવાઝોડારૂપ બની શકે છે. આ યુનિટની રચના લશ્કર પોતાની પસંદ કરેલી બટાલિયન્સના ચુનંદા જવાનોને ખાસ તાલીમ આપીને કરી રહ્યું છે જેથી આ માટે કોઈ નવી ભરતી ન કરવી પડે. અત્યારે લગભગ ૨૫૦ જવાનો ધરાવતી આવી ભૈરવ લાઇટ કમાન્ડો બટાલિયન્સ લશ્કરમાં શામેલ થઈ ગઈ છે અને સમયાંતરે આવી કુલ ૨૩ ભૈરવ લાઇટ કમાન્ડો બટાલિયન્સ ઊભી કરવાનું લક્ષ્ય છે.

**શક્તિબાણ:** રુદ્ર જૂથ હેઠળનું આ શક્તિબાણ જૂથ એ ભારતીય લશ્કરની નવી ઇન્ટિગ્રેટેડ આર્ટિલરી રેજિમેન્ટ્સ છે. આ રેજિમેન્ટ્સ માત્ર તોપગોળા વરસાવવાના બદલે સેન્સર થકી સચોટ નિશાન લઈને પછી ઘાતક ફાયરિંગ કરવા માટેની આખી સિસ્ટમ પોતાનામાં સમાવી લે છે. ટૂંકમાં આ પરંપરાગત તોપમારા અને ટેક્નોલોજીનું અનોખું મિશ્રણ છે.



**દિવ્યાસ્ત્ર:** શક્તિબાણ જૂથ હેઠળનું આ વિશિષ્ટ દિવ્યાસ્ત્ર જૂથ આજના સમય મુજબના ડ્રોન યુદ્ધ માટે બનાવાયું છે. ડ્રોન યુદ્ધ દરમ્યાન પોતાનો શિકાર નક્કી કરીને, શોધીને તેને પાડી દેવા સુધીની તમામ કામગીરીમાં આ ખાસ જૂથના જવાનો નિપુણ હોય છે. આ જૂથનો શિકાર દુશ્મનના ડ્રોનથી માંડીને તેમના છૂપા બંકર સુધીની કોઈ પણ વસ્તુ હોઈ શકે છે. ટૂંકમાં, ભૈરવ લાઇટ કમાન્ડો બટાલિયન્સ અને બીજા વિશિષ્ટ જૂથ થકી રુદ્ર બ્રિગેડ ભારતીય લશ્કર માટે આવનારા સમયમાં ‘બ્રહ્માસ્ત્ર’ સમાન પુરવાર થશે કે નહીં તે જોવું રસપ્રદ બનશે.






# ૨૦૨૬માં ફિલ્મોની ટક્કર વધુ લોહિયાળ અને રસપ્રદ બનશે!

વર્ષ ૨૦૨૬માં પરંપરાગત બોલિવૂડ અને દક્ષિણ ભારતનો પ્રભાવ એકમેકમાં ઓગળીને એક નવું જ ‘મેગા-સિનેમા’ વિશ્વ રચી રહ્યા છે. ૨૦૨૫માં રાજકીય થ્રિલર્સ અને હિંસાપ્રધાન ફિલ્મોએ બોક્સ ઓફિસ પર કબજો જમાવ્યો હતો. ૨૦૨૬ કંઈક અલગ જ તેવર લઈને આવ્યું છે. આ વર્ષે માત્ર એક્શન નથી પણ ભવ્ય પૌરાણિક ગાથાઓ, દાયકાઓ જૂની ફિલ્મોની સિક્વલ અને પ્રેમની એવી ત્રિકોણીય વાર્તાઓ છે જે દર્શકોને થિયેટર સુધી ખેંચી લાવવા મજબૂર કરશે. વર્ષની શરૂઆત જ ધમાકેદાર રહી છે. ગણતંત્ર દિવસના વીકેન્ડ પર સન્ની દેઓલની ‘બોર્ડર ૨’ રજૂ થઈ છે. ૧૯૯૭માં આવેલી મૂળ ‘બોર્ડર’નો જાદુ આજે પણ લોકોના મનમાં જીવંત છે ત્યારે આ સિક્વલમાં સની પાજીની સાથે વરુણ ધવન અને દિલજીત દોસાંઝની એન્ટ્રીએ ઉત્સાહ બમણો કરી દીધો છે. આ માત્ર એક સિક્વલ નથી પણ દેશભક્તિનો એક એવો જુવાળ છે જે બોક્સ ઓફિસના તમામ રેકોર્ડ તોડવાની ક્ષમતા ધરાવે છે.

**બોલિવૂડ માટે ૨૦૨૬નું વર્ષ ૨૦૨૫ કરતા ઘણું વધુ વ્યવસાયિક અને સર્જનાત્મક રીતે સમૃદ્ધ રહેશે. જોકે, ઉદ્યોગે કેટલીક ભૂલોથી બચવું પડશે. સૌથી મોટી ભૂલ છે અંધાધૂંધ સિક્વલ બનાવવાની હોડ. દર્શકો હવે માત્ર જૂના નામના આધારે થિયેટર સુધી નથી આવતા**

એપ્રિલ મહિનામાં સ્ત્રી શક્તિનો પરચો જોવા મળશે. આલિયા ભટ્ટ અને શરવરી વાઘની સ્પાય યુનિવર્સની ફિલ્મ ‘આલ્ફા’ મેદાનમાં ઉતરશે. આ ફિલ્મ બોલિવૂડ માટે વરદાનરૂપ સાબિત થઈ શકે છે. કારણ કે તે સ્ત્રી-પ્રધાન એક્શન ફિલ્મો માટે નવા રસ્તા ખોલશે. ઉનાળાની ગરમીમાં ઠંડક આપવા સંજય લીલા ભણસાલી તેમની અત્યાર સુધીની સૌથી મહત્વકાંક્ષી ફિલ્મ ‘લવ એન્ડ વોર’ લઈને આવશે. રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ જેવા ત્રણ દિગ્ગજ કલાકારોને એકસાથે પડદા પર જોવા એ કોઈ સપનાથી ઓછું નથી. ભણસાલીની ભવ્યતા અને રણબીર-આલિયાની કેમિસ્ટ્રી આ ફિલ્મને ઓગસ્ટ મહિનાની સૌથી મોટી હિટ બનાવી શકે છે. રણબીર માટે તો આ વર્ષ સોના જેવું છે. કારણ કે દિવાળી પર તેની સૌથી ભવ્ય ફિલ્મ ‘રામાયણ પાર્ટ ૧’ રિલીઝ થવાની છે. નિતેશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મનું બજેટ એટલું મોટું છે કે તે હોલીવુડની ફિલ્મોને પણ ટક્કર આપી શકે છે. રણબીર રામના પાત્રમાં, સાઈ પલ્લવી સીતા તરીકે અને યશ રાવણ તરીકે જોવા મળશે. આ ફિલ્મ માત્ર એક મનોરંજન નથી પણ ભારતીય સંસ્કૃતિનું વિશ્વ મંચ પર પ્રદર્શન છે. પરંતુ રણબીરનો રસ્તો આસાન નથી. કારણ કે તેની સામે બોલિવૂડના અસલી બાદશાહ શાહરૂખ ખાન તેની દીકરી સુહાના ખાન સાથે ‘કિંગ’ લઈને ટકરાશે. દિવાળી પર ‘રામાયણ’ વિરુદ્ધ ‘કિંગ’ એ ઈતિહાસનો સૌથી મોટો મુકાબલો હશે. આ ટક્કરમાં રણબીરને ફાયદો એ છે કે તેની પાસે પૌરાણિક કથાનો ભાવનાત્મક સાથ છે જ્યારે શાહરૂખ પાસે તેનો બહોળો ચાહક વર્ગ અને પિતા-પુત્રીની જોડીનું આકર્ષણ છે.

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

અભિનેતાઓના નુકસાન અને ફાયદાની વાત કરીએ તો રણબીર આ વર્ષે બોલિવૂડનો નિર્વિવાદ નંબર વન સ્ટાર બની શકે છે. જો તેની ‘લવ એન્ડ વોર’ અને ‘રામાયણ’ બંને હિટ જશે તો તે ખાન ત્રિપુટીના વર્ચસ્વને ખતમ કરી દેશે. બીજી તરફ સની દેઓલ પણ ‘બોર્ડર ૨’ અને ‘રામાયણ’ માં હનુમાનના પાત્રથી ફરી એકવાર ટોચના સ્થાને પહોંચી શકે છે. જોકે, રણવીર સિંહ અને અક્ષય કુમાર જેવા સ્ટાર્સ માટે આ વર્ષ જોખમી છે. રણવીરે તેની પસંદગીમાં વધુ સાવચેત રહેવું પડશે. કારણ કે તેની સામે સાઉથના સ્ટાર્સનો ભારે પડકાર છે. કાર્તિક આર્યન તેની મ્યુઝિકલ રોમેન્ટિક ફિલ્મ ‘તુ મેરી ઝિંદગી હૈ’ સાથે મજબૂત પકડ જમાવી શકે છે. જે તેને યુવા પેઢીનો ફેવરિટ જાળવી રાખવામાં મદદ કરશે.

બોલિવૂડ માટે ૨૦૨૬નું વર્ષ ૨૦૨૫ કરતા ઘણું વધુ વ્યવસાયિક અને સર્જનાત્મક રીતે સમૃદ્ધ રહેશે. જોકે, ઉદ્યોગે કેટલીક ભૂલોથી બચવું પડશે. સૌથી મોટી ભૂલ છે અંધાધૂંધ સિક્વલ બનાવવાની હોડ. દર્શકો હવે માત્ર જૂના નામના આધારે થિયેટર સુધી નથી આવતા. તેમને નક્કર વાર્તા જોઈએ છે. બીજી ભૂલ છે VFX પર વધુ પડતો આધાર. જો ‘રામાયણ’ જેવી ફિલ્મમાં ટેક્નોલોજી તો સારી હોય પણ લાગણીઓ ખૂટતી હશે તો તે મોટું નુકસાન કરી શકે છે. બોલિવૂડને એ પણ સમજવું પડશે કે હવે દક્ષિણ ભારતની ફિલ્મો માત્ર ‘સાઉથની’ નથી રહી. તે ભારતીય સિનેમાનો હિસ્સો છે. તેથી જ બોલિવૂડના મેકર્સે હવે માત્ર ગ્લેમર પર નહીં પણ ગ્રાઉન્ડ લેવલની વાર્તાઓ પર ધ્યાન આપવું પડશે. વર્ષના અંતે અજય દેવગનની ‘દ્રશ્યમ ૩’ પણ એક મોટું સરપ્રાઈઝ આપી શકે છે. આ ફિલ્મની ફ્રેન્ચાઈઝી એવી છે જે ઓછી પબ્લિસિટીમાં પણ મોટો ધડાકો કરવાની શક્તિ રાખે છે. કુલ મળીને જોતા ૨૦૨૬ એ ભારતીય ફિલ્મો માટે ‘ગોલ્ડન પીરિયડ’ સાબિત થઈ શકે છે, જો મેકર્સ ટક્કરને ટાળવા માટે સમજદારી બતાવે અને દર્શકોને માત્ર દ્રશ્યો નહીં પણ અનુભૂતિ આપે તો સફળ રહેશે. આ વર્ષ રણબીર કપૂરના નામનું વર્ષ બની રહેવાની પૂરેપૂરી શક્યતા છે. જ્યારે ખાન સ્ટાર્સ માટે પોતાની વિરાસત જાળવી રાખવાનો સંઘર્ષ હશે...

### ઓટોગ્રાફ !

બોલિવૂડના ડાયરેક્ટર માટે અત્યારે સૌથી અઘરું કામ શું છે? નવી વાર્તા લખવી? ના. મોટા સ્ટાર્સની ડેટ્સ લેવી? ના. સૌથી અઘરું કામ છે – સાઉથની હિટ ફિલ્મની કોપી એવી રીતે કરવી કે લોકોને લાગે કે આ ‘ઓરિજિનલ’ છે! •

# જીવશું તો જેમતેમ પણ મરશું કેમ.. કેમ..?

શરીર ગમે તેટલું સાચવ્યું હોય તો પણ બહુધા વૃદ્ધોને અંતિમ અવસ્થામાં શારીરિક પીડાઓ ભોગવવી પડે છે. એક વૃદ્ધને અંત ઘડીએ બોલતા સાંભળ્યા હતા: “જીવન તો જીવી જવાયું પણ હવે જીવ કેમ જશે?” એ વડીલ અંતિમ અવસ્થામાં બહુ મુશ્કેલીમાં આવી પડ્યા હતા. એમને ડાયાબિટીસ, કિડની, પ્રેશર, વા અને શુગર એમ કુલ પાંચ રોગ હતા. છેલ્લે હૃદયરોગનો ઉમેરો થયો. 6 રોગથી પીડાઈને એ મર્યા ત્યારે સ્મશાનયાત્રામાં બચુભાઈએ કહ્યું: “મારો એક પિત્રાઈ ભાઈ હતો. આજે તે હયાત નથી પણ ઘરડાંઓની હાલત જોઈ તે એક વાક્ય બોલતો: “જીવશું તો જેમતેમ પણ મરશું કે કેમ..?

ઘડપણમાં બહુધા લોકોએ બે તકલીફોનો સામનો કરવાનો આવે છે. (1) શારીરિક પીડાની તકલીફ અને (2) સ્વજનો તરફથી મળતા લાગણી વિષયક

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

દુ:ખોની તકલીફ. થાય છે એવું કે કેટલાંક વૃદ્ધો એ નક્કી નથી કરી શકતા કે એમને હાર્ટ અટેકનો દુખાવો વધુ પીડે છે કે દીકરા, વહુના શબ્દોની વેદના વધુ થાય છે? ઘરની જુવાન દીકરી ડિસ્કો રમીને રાત્રે બે વાગ્યે ઘરનો દરવાજો ખોલાવે ત્યારે કોઈ એને કાંઈ કહેતું નથી પણ આ બધાં લાગણીનાં દુ:ખો છે. પ્રશ્ન થાય છે શું વડીલોની દેખભાળ રાખતા સંતાનોનો જ હંમેશાં વાંક હોય છે?

જિંદગીની સમી સાંજે વૃદ્ધોની સમજશક્તિનો સૂરજ અસ્ત પામી જાય છે ત્યારે વડીલો કરતાં તેમના સ્વજનોએ વધુ યાતના ભોગવવી પડે છે. ઘરડાંઓની બદલાયેલી હાલતને કારણે તેમના પરિવારે જે હાલાકી



વેઠવી પડે છે, તે સિક્કાની ત્રીજી બાજુ છે. તે તરફ સમાજનું ખાસ ધ્યાન જતું નથી. સમાજ હંમેશાં નવી પેઢીનો વાંક જોવા ટેવાયેલો છે. 80 વર્ષનો વૃદ્ધ ખોટો હોઈ જ ન શકે - આજના યુવાનો જ તેમનું ઠીક રીતે ધ્યાન રાખતા નથી એવા પૂર્વગ્રહથી સમાજ પીડાય છે. તેથી વડીલો માટે યુવાનો જે ભોગ આપે છે તેની પૂરી નોંધ લેવાતી નથી. શોધવા નીકળીએ તો દશમાંથી એક વૃદ્ધ એવો જડી આવે જે ઘડપણમાં અસહયોગ આંદોલને ચઢી સંતાનોની મુશ્કેલી અનેકગણી વધારી દે છે. એવાં ઘરડાં બાળકોનાં તોફાનો પર એક નજર કરીએ.

79 વર્ષના એક વડીલને ઘૂંટણના દુખાવાની તકલીફ શરૂ થઈ. એક વાર જમીન પર બેસે પછી કલાક બાદ ઊભા થવું હોય તો તે ના થઈ શકે. ઊભા થવા જાય તો ગબડી પડે. બેચાર વાર નાનીમોટી ઈજાઓ થઈ. એમની મુશ્કેલી જોયા બાદ છોકરાઓએ દેવસેવાનું મંદિર ઊંચે દીવાલ પર લગાવી આપ્યું. જેથી તેઓ ઊભાઊભા પૂજા કરી શકે પરંતુ પિતાજીને તે ફાવ્યું નહીં. તેમણે કહ્યું; ‘‘ઊભાઊભા ભક્તિ કરો તો ભગવાન સ્વીકારે નહીં’’ ને એ વડીલ જીદપૂર્વક જમીન પર બેસે. એક વાર એ જાતે ઊભા થવા ગયા તેમાં પગમાં ખાસ્સું વગાડી બેઠા. બસ ત્યારથી એમને માટે ખાટલો ફરજિયાત નક્કી થઈ ગયો.

એક અન્ય વડીલને કબજિયાતની તકલીફ. ડૉક્ટરોની સૂચના છતાં તેઓ આહારમાં લીલાં શાકભાજી બિલકુલ નહીં લે. કહે: ‘‘મને શાકભાજી ભાવતાં નથી.’’ ચાલવાનું ય એમને ગમે નહીં. રોજ મૂઠો ભરીને હરડે ફાકે પણ શાકભાજીને અડે નહીં. પાશેર દીવેલ ગટગટાવી જાય પણ પાણી આપો તો કહે: ‘મને પાણીથી ઉબકા આવે છે. દીકરાઓ તેમની ભૂલ બતાવે ત્યારે તેઓ ગુસ્સે થઈને બોલી ઊઠે: ‘‘ઘડપણમાં તમને સૌને હું ભારે પડું છું. મને એક ઈંજેક્શન આપી દો એટલે તમે છૂટા અને હું પણ છૂટું..!’’

75ની નજીક પહોંચેલા એક બીજા વડીલને એમ લાગ્યા કરે કે તેઓ હવે બે ત્રણ દિવસના મહેમાન છે. પાંચે દીકરાઓને ફોન કરીને તેઓ બોલાવે. દીકરાઓ દૂર મુંબઈ, કલકત્તા, દિલ્હી રહે. દીકરીઓ નહીં આવે તો તેઓ મોટેથી રડવા લાગે: ‘‘હવે દીકરીઓને પણ પ્રેમ રહ્યો નથી. હું મરી જઈશ પછી બધાં રડશો તેનો શો ફાયદો..? અત્યારે મારી કાળજી લો, મારી સાથે વાત કરો. હવે હું બેચાર કલાકનો મહેમાન છું..!’’ અત્રે પ્રશ્ન એ થાય છે કે દીકરો શ્રવણ જેવો ગુણવાન હોય તો પણ વૃદ્ધની આવી માનસિક હાલતમાં તે તેમને શી રીતે ન્યાય આપી શકે..?

બીજા એક વડીલને કાને ઓછું સંભળાય. એમને હૃદયરોગની પણ તકલીફ. એથી માઠા સમાચારનો કોઈ ફોન આવે તો ઘરના તેમને જાણ ના કરે. વડીલને તે કારણે બહુ માઠું લાગે. મહોલ્લામાં જઈને પ્રચાર કરે: ‘‘આખું ઘર મારી અવગણના કરે છે. કોઈ મને કાંઈ જણાવતું નથી’’ અને તેઓ ભોજનનો ત્યાગ કરે અથવા ઘરમાં મોટો ઝઘડો માંડે. એવા એક બીજા વડીલને હાઈ બ્લડ પ્રેસરની બીમારી. સાથે સુગર પણ ખરું. પરંતુ આહારમાં બિલકુલ કાળજી ન રાખે. તીખું-તળેલું, વધારે મસાલાવાળું તેઓ લારી પર જઈને ખાઈ આવે. શુગરને કારણે ઘરનાઓ તેમને ઈન્સ્યુલિનનાં ઈંજેક્શન મુકાવે. પણ એ વડીલ ઘરનાઓથી ચોરીછૂપી ફ્રિઝમાંથી મીઠાઈ કાઢીને ખાઈ લે. સંતાનો તેમ કરવાની ના પાડે ત્યારે વૃદ્ધ દલીલ કરે: ‘‘મરવાનું તો નિશ્ચિત છે જ તો બધી ખુશીઓ માણીને કેમ ના મરું?’’

દીકરાઓ સમજાવે “તમે મીઠાઈ ખાઓ છો એ કારણે તમને આપવામાં આવતી મોંઘી સારવાર કારગત નીવડતી નથી. સરવાળે તમે પણ દુ:ખી થાઓ છો અને અમને પણ ચિંતા રહે છે’’ પણ વૃદ્ધ એક જ જીદ પર અડેલા રહે: ‘‘ના, હું તો ખાઈશ..!’’

**વડીલો માટે યુવાનો જે ભોગ આપે છે તેની પૂરી નોંધ લેવાતી નથી. શોધવા નીકળીએ તો દશમાંથી એક વૃદ્ધ એવો જડી આવે જે ઘડપણમાં અસહયોગ આંદોલને ચઢી સંતાનોની મુશ્કેલી અનેકગણી વધારી દે છે. એવાં ઘરડાં બાળકોનાં તોફાનો પર એક નજર કરીએ**

### ધૂપછાંવ

પ્રશ્ન થાય કે દીકરાઓ કેવી રીતે વર્તે તો સમાજ તેમને શ્રવણકુમાર જેવો પિતૃભક્ત ગણે...?? •